સમસ્ત વાલ્મિકી સમાજ હાઈપાવર સંકલન સમિતિ દ્વારા

જામનગરમાં સફાઈ કામદારોના પ્રશ્ને દરેક તબક્કે રખાતો ભેદભાવ

જામનગર તા. ૬: જામનગર મહાનગર પાલિકામાં સોલીડ વેસ્ટ શાખાના સફાઈ કામદારોના પ્રશ્નો અંગે ભેદભાવ રાખવામાં આવે છે. આ અંગે સમસ્ત વાલ્મિકી સમાજ હાઈ પાવર સંકલન સમિતિ-જામનગર દ્વારા કમિશનર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

મહાનગરપાલિકા સેટઅપમાં ૧૩૩૪ સફાઈ કામદારોની જગ્યા છે, પરંતુ ખાલી થતી જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવતી નથી. તેમાં પણ સિનિયોરિટીના નામે કેટલાક લેભાગુ તત્ત્વો દ્વારા વાંધા ઉપસ્થિત કરવામાં આવે છે. આવા તત્ત્વો અગાઉ કાયમીના ઓર્ડર સમયે ખુલ્લા પડી ગયા હતાં.

ખાનગી સોસાયટીને સફાઈના ૩૭૫ કામદારોના પગાર માટે રૂા. ૨.૫૦ કરોડની રકમ સોસાયટીને ચૂકવવાં આવે છે. આમ સફાઈ કામદારોનું શોષણ થાય છે.

ભૂગર્ભ ગટરની સફાઈ કામગીરી માટે પણ કોન્ટ્રાક્ટ આપી દેવામાં આવે છે. આ કામગીરી કાયમી પ્રકારની છે. હકીકતે આ કામ માટેનો કોન્ટ્રાક્ટ આપી શકાય નહીં, પરંતુ આ ગાઈડ લાઈનનો અમલ કરવામાં આવતો નથી.

સરકારે આવી તમામ જગ્યા ઉપર નિમણૂક આપીને બેરોજગારી ઘટાડવી જોઈએ.

હવે ઉનાળો શરૂ થઈ રહ્યો છે, જ્યારે સફાઈ કામદારોના કામકાજના સમયમાં ફેરફાર કરવો જોઈએ. વોર્ડ ઓફિસમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવી જોઈએ.

ચાલુ નોકરીમાં અવસાન પામનાર અથવા ગંભીર બીમારીનો ભોગ બનનાર કામદારના વારસદારને નોકરી આપવામાં આવે, રાજકોટ મહાનગરપાલિકા આવી જોગવાઈનો અમલ કરે છે. જામનગર મહાનગરપાલિકાએ પણ આ પ્રશ્ને યોગ્ય નિર્ણય કરવો જોઈએ. સફાઈ કામદારો-વાલ્મિકી સમાજનો રોષ વધુ ઉગ્ર બને તે પહેલા આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવે તેવી માગણી સંસ્થાના પ્રમુખ હરિશ કે. ચૌહાણએ કરી છે.

નજીકની ખાનગી જમીનમાંથી બાયપાસ કાઢવા પર પ્રતિબંધ

જામનગર જિલ્લાના બેડ-સોયલના ટોલનાકાઓ પર વાહન થોભાવી ટેકસ ચૂકવવા અંગે જાહેરનામુ

જામનગર તા. ૬: અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એસ.એમ.કાથડ, જામનગર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, જામનગર જિલ્લાના બેડ તથા સોયલ ગામ પાસે આવેલા ટોલનાકાઓ પરથી પસાર થતા ટોલટેકસ ચુકવવાપાત્ર તમામ વાહનોના ચાલકોએ તેમનું વાહન ટોલપ્લાઝાની નિશ્ચિત જગ્યાએ થોભાવવું તથા રાજ્ય સરકારે નક્કી કરેલો ટોલ ટેક્ષની ચુકવણી બાદ તેની પહોંચ મેળવી લેવી. જો નિયમાનુસાર મુક્તિ મળવા પાત્ર હોય, તો તે અંગેનું કાર્ડ કે પાસ ટોલ પ્લાઝાના કર્મચારી, એજન્ટ કે નોકરને બતાવીને તે બાદ જ ટોલનાકુ પસાર કરવું.

આ ટોલનાકાઓ નજીક આવેલી જમીનના માલિકોએ વાહનો ટોલનાકામાંથી પસાર થવાના બદલે પોતાની ખાનગી માલિકીની જમીનમાંથી બાયપાસ થઈ પસાર થઈ શકે તેવો કોઈપણ બાયપાસ પ્રકારનો રસ્તો વાહન ચાલકોને પુરો પાડવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર અને જાહેરનામાંઓથી જે વાહનોને ટોલટેકસ ચુકવવામાંથી મુક્તિ આપવામાં આવેલી હોય, તો તેવા વાહનચાલકોને આ જાહેરનામાંની જોગવાઈ લાગુ પડશે નહી.

ઉક્ત પ્રતિબંધાત્મક હુકમ આગામી તા. ૨૯/૦૪/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના કોઈપણ ખંડ અથવા હુકમનું ઉલ્લંઘન કરનારી વ્યક્તિ ભારતીય ન્યાય સહિતા ના ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

એકીબેકીનો જુગાર

જામનગર તા. ૬: દ્વારકા શહેરમાં રાવળા તળાવ પાસે ગઈકાલે સવારે જાહેરમાં ઉભા રહી ચલણી નોટના નંબર પર એકીબેકી બોલતા પરસોત્તમ પ્રતાપભાઈ પીઠડીયા અને વિજય ચુનીલાલ વિઠ્ઠલાણી નામના બે શખ્સને પકડી લઈ પોલીસે રૂા.૨૫૮૦ રોકડા કબજે લીધા છે.

નગરના આસામીએ વીમા કંપની સામે કર્યો હતો કેસ:

ઓપરેશન પછી આરામ અંગે વીમાની રકમ મેળવવાની ફરિયાદમાં વળતર આપવા આદેશ

જામનગર તા. ૬: જામનગરના એક આસામીએ ઓપરેશન કરાવવું પડ્યું હતું અને તબીબે છ અઠવાડિયાનો આરામ કરવા સૂચના આપી હતી તેથી આ આસામીએ પોતાનો મેડિક્લેઈમ લેનાર વીમા કંપની પાસેથી વળતર મેળવવા ગ્રાહક ફોરમમાં ધા નાખી હતી. ફોરમે બાકી રહેતી વળતરની રકમ વ્યાજ સાથે ચૂકવી આપવા હુકમ કર્યો છે.

જામનગરના બિમલભાઈ અભેચંદ મહેતા નામના આસામીએ એચડીએફસી અર્ગો જનરલ ઈન્સ્યુરન્સ કંપની પાસેથી હેલ્થ ઈન્સ્યુરન્સ મેળવ્યા પછી તેઓને અકસ્માતમાં ઈજા થતાં ખાનગી હોસ્પિટલમાં સારવાર અને ઓપરેશન કરાવવું પડ્યું હતું. જેનો ખર્ચ વીમા કંપનીએ ચૂકવ્યો હતો પરંતુ છ અઠવાડીયા સુધી બિમલભાઈને આરામ કરવાની તબીબ દ્વારા સલાહ આપવામાં આવી હતી તેથી તેઓએ રૂા.૬ લાખનો ક્લેઈમ કર્યો હતો. તે ક્લેઈમ સામે વીમા કંપનીએ રૂા.૪ લાખ ચૂકવ્યા હતા. તેથી ગ્રાહક ફોરમમાં વીમા કંપની સામે સેવાકીય ખામી અંગે કેસ કરાયો હતો. તે કેસ ચાલી જતાં ફોરમે રૂા.૨ લાખ નવ ટકા સાથે અને ફરિયાદ ખર્ચના રૂા.૫ હજાર અલગથી ચૂકવવા વીમા કંપનીને આદેશ કર્યો છે. ગ્રાહક તરફથી વકીલ ભાર્ગવ મહેતા રોકાયા હતા.

નાની ઉંમર સાબિત થવાથી સજા થઈ શકે નહીં:

સગીરાના અપહરણ-દુષ્કર્મના કેસમાં આરોપીનો અદાલત દ્વારા છુટકારો

જામનગર તા. ૬: જામનગરના મેઘપર પોલીસ સ્ટેશનમાં નવ વર્ષ પહેલાં નોંધાયેલા સગીરાના અપહરણ-દુષ્કર્મ કેસમાં આરોપીનો અદાલતમાં છૂટકારો થયો છે.

જામનગરના મેઘપર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૭માં એક સગીરાના અપહરણ અંગે ફરિયાદ કરવામાં આવતા પોલીસે ગુન્હો નોંધી શરૂ કરેલી તપાસમાં કમલેશ તેજસીભાઈ ડગરા નામનો શખ્સ મળી આવ્યો હતો. જુદા જુદા સ્થળે લઈ જઈ તે સગીરા પર દુષ્કર્મ ગુજાર્યાનું ખૂલ્યું હતું.

આરોપી સામે પોલીસે આઈપીસી તથા પોક્સો હેઠળ ગુન્હો નોંધ્યો હતો. આ કેસ ખાસ પોક્સો અદાલતમાં ચાલવા પર આવતા ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવાનું સાબિત થાય તે કારણથી જ આરોપીને સજા થઈ શકે નહીં તેવી દલીલ કરાતા અદાલતે આરોપીનો છૂટકારો ફરમાવ્યો છે. આરોપી તરફથી વકીલ કિરણ ભાઈ બગડા, જયન ગણાત્રા, પાર્થ બગડા રોકાયા હતા.

પશ્ચિમ રેલવે
રાજકોટ ડિવિઝન

ઈ-ટેન્ડર નોટીસ નં. ૪૭ વર્ષ ૨૦૨૫-૨૬
તા.૦૩/૦૩/૨૦૨૬

RDSA પેડાનનો વિકાસ, કંટાળકર કેર્મીક સહિત ઝાઈન્ટ્રી વિકાસ, CC રોડ, અને પાણીનું બાંધકામ

ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૫-૨૬-E-૯૪ કામનું નામ: રાજકોટ ડિવિઝન :- ૧) RDSA પેડાનનો વિકાસ, ૨) રાજકોટ અને ડિવિઝનના ડેપો અને સ્ટેશન પરીસર કંટાળકાર તરફની કેર્મીક સહિત ઝાઈન્ટ્રી વિકાસ, CC રોડનું બાંધકામ અને અન્ય પાણીપુરવઠા કામ અને ૩) રાજકોટ ડિવિઝન ડેપો ખાતે અન્ડર કાર્ટોર સહિત સેમની પોમવાઈના સંબંધમાં પાણીને અને અન્ય સહાયક કામ. NIT-ની અંદાજીત પડતર: ₹ ૧,૫૬,૭૦,૭૪૬.૦૫ અર્નેસ્ટ મની: ₹ ૧,૨૮,૪૦૦.૦૦ ઈન્ડર ભુલવાની તારીખ અને સમય: ૨૬-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **બોલિનું સ્થળ:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, ડીઝી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ:** www.ireps.gov.in

AUT-207

અમને લાઈક કરો facebook.com/WesternRly

દેશભક્તિની ભાવના પ્રજ્વલિત કરવા

જામનગરની રોઝી પ્રા. શાળા અને રોઝી હાઈસ્કૂલમાં પ્રજાસત્તાકની ઉજવણી

જામનગર તા. ૬: જામનગરના કાલાવડના નાકા બહાર આવેલ રોઝી પ્રા. શાળા અને રોઝી હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડર સ્કૂલમાં ૭૬માં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના પ્રજ્વલિત કરવાનો હતો. ઓપરેશન સિંદૂર અને ઘર ઘર તિરંગા એમ બે થિમ પર આયોજીત આ કાર્યક્રમમાં દેશના સિમાડા પર શહીદ થયેલા વીર જવાનોના પરિવારો પ્રત્યે આદર કૃતજ્ઞતા વ્યક્ત કરી અને દરેક ઘરે તિરંગો લહેરાવીને દેશભક્તિનો સંદેશ ફેલાવાયો હતો. વિદ્યાર્થીઓએ રચનાત્મક પોસ્ટર, કલાત્મક તોરણ તથા દેશભક્તિને અનુરૂપ પ્રોજેક્ટ્સ બનાવ્યા હતાં. આ કાર્યક્રમમાં મેનેજિંગ ડિરેક્ટર ઝુબેદાબેન ખીરા (કુરેશી), આચાર્ય રિયાઝભાઈ શેખ તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

જાહેર નોટીસ

આથી સર્વે જાહેર જનતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, જામનગર જિલ્લાના, જામનગર ગ્રામ્ય તાલુકાના મોજે મોખાણા ગામની સીમમાં આવેલ નીચે મુજબની ખેતીની જમીનો તેમના નીચે મુજબના ઠાલના માલિકો પાસેથી અમારા અસીલે ખરીદ કરવા સોદો કરેલ છે અને અવેજ પેટેની રકમ ચુકવેલ છે.

ખાતા નંબર	નવા / જૂના સર્વે નંબર	ક્ષેત્રફળ હેકટર	માલિક
૧૭૦	૮૯ (૭૮/પૈકી-૨)	૧-૨૮-૪૯	નાનુબેન ભીખુભાઈ શીયાર વનીતાબેન ભીખુભાઈ શીયાર વા.ઓ. હેમંતભાઈ ડાંગર વિજય ભીખુભાઈ શીયાર ગુલાબબેન ભીખુભાઈ શીયાર વા.ઓ. વિજયભાઈ ડાંગર નીલેશ ભીખુભાઈ શીયાર
૪૪૯	૯૦ (૭૮/પૈકી-૩)	૧-૨૮-૪૮	ખેંગારભાઈ મેઘાભાઈ શીયાર અમુભાઈ મેઘાભાઈ શીયાર નીલેશભાઈ ભીખુભાઈ શીયાર
૧૦૩	૯૧ (૭૮/પૈકી-૪)	૧-૨૮-૪૯	અમુભાઈ મેઘાભાઈ શીયાર
૧૨૧	૯૩ (૭૮/પૈકી-૪)	૧-૧૮-૩૨	ખેંગારભાઈ મેઘાભાઈ શીયાર

ઉપરોક્ત વેંચાણ વ્યવહાર અન્વયે કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે કોઇને પણ કોઇપણ જાતનો વાંધો, તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયે દિવસ-૮ (આઠ) માં આ નીચે લખ્યા સરનામે આધાર-પુરાવા સાથે લેખિતમાં જાણ કરશો. જો નિયત સમય મર્યાદામાં કોઈ વાંધા-તકરાર ન મળ્યે કોઈને કોઈપણ જાતનો વાંધો-તકરાર નથી, અથવા તો છે તો તે વેઇવ કરેલ છે તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજુ. વેંચાણ દસ્તાવેજની પ્રકિયા આગળ ધરશે અને ત્યારબાદ આવેલ કોઇપણ જાતનો વાંધો-તકરાર અમારા અસીલના હકક વિરૂદ્ધ માન્ય રહેશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ: જામનગર
તા. ૦૬-૦૩-૨૦૨૬
તે અમારા અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
રમેશ એમ. ડાંગર - એડવોકેટ
૧૦૭, માધવ સ્કવેર, લીમડાલાઈન કોર્નર, ક્રિકેટ ગ્રાઉન્ડ સામે, જામનગર :: મો. ૯૬૦૧૯ ૧૦૬૮૮

જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા સંબંધકર્તા સર્વેને જાણ કરવાની કે, ગુજરાત રાજયના તાલુકો તથા જિલ્લા જામનગરના શહેર જામનગરમાં હાથી કોલોનીને લગત શ્રી પટેલ ભનજી ભાણજીની વાડી તરીકે ઓળખાતી રે.સ.નં. ૬/૨ વાળી બીનખેતી જગ્યામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૧ પૈકીની ૧૧/બી વાળી ખુલ્લી જમીન જે સિટી સર્વે કચેરી, જામનગરમાં વોર્ડ નં. ૧૫, શીટ નં. ૩૪૦, સી.સ.નં. ૪૪૯૫ થી નોંધાયેલ છે. જેનું કુલ ક્ષેત્રફળ ચો.મી. ૨૫૦.૭૧ એટલે કે ચોરસ ફુટ ૨૬૯૮.૬૪ જેટલું છે. જે મિલકત સ્વ. સંતોકબેન મેપાભાઈ શાહ (વાઈફ ઓફ દેવશી ગોવિંદજી શાહ)ની માલિકીની આવેલ તેણીનું તા. ૧૪/૦૧/૨૦૨૪નાં રોજ અવસાન થતાં તેણીએ તેની હૈયાતીમાં તા. ૦૧/૦૨/૨૦૧૦નાં કરેલ અંતિમ વિલ મુજબ ઉપરોકત મિલકત તેણીનાં બંને પુત્રો કાન્તિલાલ દેવશી ગોવિંદજી શાહ તથા જયસુખલાલ દેવશી ગોવિંદજી શાહ બંનેને સરખે-સરખાં હિસ્સે આપેલ છે જે વિલની અમલવારી થતાં રેવન્યુ રેકર્ડ ઓફ રાઈટસમાં પ્રોપર્ટી રજીસ્ટરે નોંધ નં. ૨૩૫૯૧, તા. ૦૩/૧૦/૨૦૨૪નાં દાખલ થયેલ છે. જે બંને ઉપરોકત હાલના માલિકો અને કબજેદાર પાસેથી અમારા અસીલ મજકુર પ્લોટ ખરીદ કરવા માંગે છે.

તેથી જો ઉપરોકત મિલકત પરત્વે કોઈપણ વ્યકિતનો હકક-હિસ્સો કે કોઈપણ સંસ્થા, કંપની, પેઢી, બેંક, ફાઈનાન્સ કંપની કે સરકારી કે અર્ધ-સરકારી કચેરી, બોર્ડ, નિગમ ઈત્યાદીનું કોઈપણ પ્રકારનું લ્હેણું, કરજ, બોજો, અગ્રહકક, દરદાવો કે વાંધા તકરાર કે કોઈનો હકક, હિસ્સો, કે લાગભાગ હોઈ તો આ નોટીસ પ્રસિદ્ધ થઈએથી દિવસ ૧૦ (દશ) માં અમોને નીચેના સરનામે લેખિતમાં આધાર પુરાવા સાથે જાણ કરવી. આ નિયત મુદતમાં કોઈપણ તરફથી કોઈ લેખીતમાં વાંધાઓ આવશે નહી તો હશે તો પણ જતા યાને વેઈવ (WAIVE) કરેલા છે તેમ માની અમારા અસીલ શુદ્ધબુદ્ધિના ખરીદનાર તરીકે બાકીની અવેજની રકમ ચુકવી તેઓ જોગનું રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદનાં વાંધાઓ અમારા અસીલના હિતને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: જામનગર
તારીખ: ૦૬-૦૩-૨૦૨૬
વકીલ કેતનકુમાર પ્રવિણ દોટિઆ
તે અમારા અસીલની સૂચનાથી

-: અમારા મારફત :-
વકીલ કેતનકુમાર પ્રવિણ દોટિઆ
ઠે. માધવ પ્લાઝા ૩૨૮ થી ૩૩૧, ત્રીજા માળે, લાલ બંગલા પાસે, જામનગર :: ફોન નં. : ૨૫૫૫૫૪૨, મો. ૯૮૨૫૨ ૭૨૦૬૦

પબ્લિક નોટીસ

આથી લાગતાં વળગતાઓને જાણ કરવામાં આવે છે કે અસીલની સૂચનાથી જામનગર જિલ્લાના જામનગર તાલુકા ખાતે આવેલ મોજે ગામ રામપર ના જૂના રે.સ.ન.૨૬૭ પૈકી ૮ નવા રે.સ.ન. ૨૧૪ તથા રે.સ.ન.૨૬૭ પૈકી ૭ નવા રે.સ.ન. ૨૧૫ વાળી બિનપીયત ખેતીની જમીન ક્ષેત્રફળ આ. ૨-૪૭-૩૨ હે.આરે.ચોમી વાળી જૂની શરતની જમીન ભગવાનજી ભીખાભાઇ આહિર પાસેથી ખરીદ કરવા અમારા અસીલ દ્વારા કરાર કરેલ છે

ઉપરોક્ત વેચાણ વ્યવહાર અન્વયે સંસ્થા કે બેંકે કોઈપણ જાતનો વાંધો તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયે ૭-સાત દિવસમાં આધાર પુરાવા સાથે લેખિતમાં જાણ કરશો સમય મર્યાદામાં કોઈ વાંધા કે તકરાર ન મળ્યે કોઈપણનો વાંધો તકરાર નથી તેમ માની તમામ દાવા વેઇવ થઈ જશે અને કોઈપણ દાવો માન્ય રહેશે નહીં અને તેમ માની અમારા અસીલ પોતાના જોગનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ કોઈપણ જાતનો વાંધો તકરાર અમારા અસીલના હકના વિરૂદ્ધ માન્ય રહેશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૬-૦૩-૨૦૨૬
અભીજીત જે. દવે - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી

:: અમારા મારફત ::
અભીજીત કન્સલટન્સી સર્વિસીસ
૧૩૯-એ, માધવ પ્લાઝા, એસબીઆઈની સામે, લાલ બંગલો, જામનગર
:: મો. ૮૪૬૦૪ ૫૬૫૨૦, ૮૮૬૬૮ ૮૧૬૬૬

:: જાહેર નોટીસ ::

આથી લાગતાં-વળગતાં સરવેને જાણ કરવાની કે, શ્રી ગુજરાત રાજયનાં જિલ્લા દેવભૂમિ દ્વારકાના તાલુકા **ખંભાળીયાના મોજે ગામ ઠંસ્થલમાં આવેલ રેવન્યુ સરવે નં. ૧૭૭ (જુના રેવન્યુ સરવે નં.૪૬/૧/પૈકી ૨) વાળી કુલ હેકટર આરે ચો.મી. ૧-૫૬-૮૨**નાં ક્ષેત્રફળની બાગાયત ખેતીની જમીન તથા કે જે જેને **''સાતવો''** તરીકે ઓળખવામાં આવે છે. તે જમીન અમો લખી આપનારના નામે રેવન્યુ રેકર્ડમાં ખાતાવહીમાં **ખાતા નંબર ૪૦૮**થી નોંધાયેલ છે અને જેનો **આકાર રૂપિયા ૪.૦૦** છે. તે ખેતીની જમીન કે જે **ભારતીબા સરદારસિંહ ઝાલા**ની સ્વતંત્ર માલિકીની આવેલ છે. સદરહુ જગ્યા અમારા અસીલે તેનાં હાલનાં માલિક પાસેથી ટાઈટલ કલીયરની શરતે ખરીદવા સોદો કરી સુંથી આપેલ છે.

સદરહુ મિલકતના અસલ ટાઇટલ ડિડઝ પૈકી **ભારતીબા સરદારસિંહ ઝાલા** જોગ **દલવાડી પ્રેમજી કેશવ**એ કરી આપેલ રજી. વેંચાણ દસ્તાવેજ **અનુ. નં.૭૯૭**, તા.૦૯/૦૭/૧૯૯૧ વાળો અસલ તથા નોંધણીની પહોંચ અસલ તેઓથી ક્યાંક મુકાઈ ગયેલ છે કે ગુમ/ગેરવલે થઈ ગયેલ છે અને ખૂબ શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી.

સદરહુ ખેતીની જમીન ઉપર ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેંક લિ. ખંભાળીયા શાખામાંથી લોન લીધેલ છે. આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં ઉપરોકત દર્શાવેલ અસલ કાગળોના આધાર જે કોઈને મજકુર જમીન સંબંધે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો, વારસાઈ હકક કે લેણુ-બોજો, કરજ, અગ્રહકક, લિયન, ગીરો, શાખગીરો કુલમુખત્યારનામું કરાર કે કબજા બાબતે, રસ્તા-શેઢા અંગે કોઈ વાંધા-તકરાર કે વેંચાણ સામે કોઈપણને કોઈપણ જાતના વાંધા-તકરાર હોય તો નીચેના સરનામે આધાર પુરાવા સાથે જાણ કરવી. અન્યથા તેવું કંઈ નથી અને હશે તો જતા યાને વેઈવ કરેલ છે, તેમ માની અમારા અસીલ તેના નામે અથવા તેને યોગ્ય લાગે તેના નામે ચડાવવા પાકો રજી. વેંચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી કરશે અને ત્યારબાદ, કોઈના વાંધા-તકરાર કે અન્ય રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં. તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની સર્વે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

જામનગર
તા.૦૬-૦૩-૨૦૨૬
વિશાલ એમ. માલદે - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
હસમુખ ઈ. હિંડોચા - એડવોકેટ
ઓફિસ: બ્લોક નં.૭/૩૭, ગ્રાઉન્ડ ફ્લોર, લાખોટા મિગ કોલોની, મેઈન રોડ, એસ.ટી. ડેપો પાસે, જામનગર

:: જાહેર નોટીસ ::

અમો નીચે સહી કરનાર ડી.જે.શેઠ એડવોકેટ તે અમારા અસીલની સૂચનાથી લાગતા વળગતા તમામ લોકોને જાણ કરવામાં આવે છે કે,

શહેર જામનગરમાં બેડી બંદર રોડ ઉપર આવેલ **જુના સિટી સરવે નં. ૧/જી/૪ પૈકી પ્લાન નં. ૬ ના પ્લોટ નં. ૨૪ તથા ૨૫/૨ વાળી જગ્યાનું એકત્રીકરણ કરવામાં આવેલ અને બન્ને પ્લોટનું સંયુકત ક્ષેત્રફળ ૧૦૩૦.૬૯ ચો.મી.** કાયમ કરવામાં આવેલ અને તે જગ્યાની સિટી સરવે કચેરી દ્વારા હકક ચોકસી કરવામાં આવતા **વોર્ડ નં.૧૦ના શીટ નં. ૧૦૩ ના સરવે નં. ૨૮૫૮** આપવામાં આવેલ અને તે જગ્યા ઉપર બાંધવામાં આવેલ બહુમાળી બિલ્ડીંગ જે **સેફાયર** તરીકે ઓળખાય છે તેના **વીંગ બી ના** ચોથા માળે આવેલ **ફલેટ નં. બી/૪૦૧** વાળી જગ્યા જેના હાલના માલિક **શ્રી મનોજકુમાર નાગેશ્વર દત શર્મા છે અને** તેઓ પાસેથી અમારા અસીલે વેચાણ લેવા નકકી કરેલ છે અને સુંથીની રકમ ચુકવેલ છે.

આ વેંચાણ વ્યવહાર પરત્વે કોઈનો કોઈપણ જાતનો હકક હિસ્સો, હિત, સંબંધ, લાગભાગ, અધિકાર હોય કે ઉપરોકત જગ્યા કોઈ પાસે ગીરો હોય કે તેના ઉપર કોઈનું પણ લેણુ બોજો કે ચાર્જ હોય અથવા તો આ વેંચાણ સામે કોઈને પણ વાંધો તકરાર કે હરકત હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭માં અમોને નીચેના સરનામે લેખિત વાંધા પુરાવા સાથે રજૂ કરવા જો મુદતમાં કોઈના વાંધા તકરાર રજૂ કરવામા નહી આવે તો ઉપરોકત જગ્યાના વેચાણ સંબંધે કોઈને વાંધો તકરાર નથી. તેમ માનીને અમારા અસીલ અવેજની રકમ ચુકવી વેંચાણ દસ્તાવેજ કરી લેશે અને આ વેંચાણ દસ્તાવેજમાં કોઈના વાંધા તકરાર કે હકક, દાવા અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. તેની તમામે સ્પષ્ટ નોંધ લેવી.

જામનગર
તા.૦૬-૦૩-૨૦૨૬
ડી. જે. શેઠ - એડવોકેટ
તે અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
ડી. જે. શેઠ - એડવોકેટ
૪૩, માધવ સ્કવેર, લીમડાલાઈન, જામનગર :: મો.૯૪૨૬૨ ૪૮૫૭૫

:: જાહેર નોટીસ ::

આથી લાગતાં-વળગતાં સરવેને જાણ કરવાની કે, શ્રી ગુજરાત રાજયનાં જિલ્લા દેવભૂમિ દ્વારકાના તાલુકા **ખંભાળીયાના મોજે ગામ ઠંસ્થલમાં આવેલ રેવન્યુ સરવે નં. ૧૭૮ (જુના રેવન્યુ સરવે નં.૪૬/૧/પૈકી ૧) વાળી કુલ હેકટર આરે ચો.મી.૧-૬૦-૮૬**નાં ક્ષેત્રફળની બાગાયત ખેતીની જમીન તથા કે જે જેને **''સાતવો''** તરીકે ઓળખવામાં આવે છે. તે જમીન અમો લખી આપનારના નામે રેવન્યુ રેકર્ડમાં ખાતાવહીમાં **ખાતા નંબર ૫૦૭**થી નોંધાયેલ છે અને જેનો **આકાર રૂપિયા ૪.૧૦**. તે ખેતીની જમીન કે જે **જયદિપસિંહ સરદારસિંહ ઝાલા** તથા **આદિત્યસિંહ સરદારસિંહ ઝાલા**ની સંયુકત માલિકીની આવેલ છે. સદરહુ જગ્યા અમારા અસીલે તેનાં હાલનાં માલિકો પાસેથી ટાઈટલ કલીયરની શરતે ખરીદવા સોદો કરી સુંથી આપેલ છે.

સદરહુ મિલકતનાં અસલ ટાઇટલ ડિડઝ પૈકી ભારતીબા સરદારસિંહ ઝાલા જોગ દલવાડી ખીમા કેશવ તથા દલવાડી કાચાલાલ વીરાએ કરી આપેલ રજી. વેંચાણ દસ્તાવેજ અનુ. નં.૭૯૮, તા.૦૯/૦૭/૧૯૯૧ વાળો અસલ તથા નોંધણીની પહોંચ અસલ તેઓથી ક્યાંક મુકાઈ ગયેલ છે કે ગુમ/ગેરવલે થઈ ગયેલ છે અને ખૂબ શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. તેઓએ ધોરણસરની પ્રકિયા દ્વારા સદરહુ દસ્તાવેજની ખરી નકલ મેળવેલ છે.

સદરહુ ખેતીની જમીન ઉપર ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેંક લિ. ખંભાળીયા શાખામાંથી લોન લીધેલ છે. આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં ઉપરોકત દર્શાવેલ અસલ કાગળોનાં આધાર જે કોઈને મજકુર જમીન સંબંધે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો, વારસાઈ હકક કે લેણુ-બોજો, કરજ, અગ્રહકક, લિયન, ગીરો, શાખગીરો કુલમુખત્યારનામું કરાર કે કબજા બાબતે, રસ્તા-શેઢા અંગે કોઈ વાંધા-તકરાર કે વેંચાણ સામે કોઈપણને કોઈપણ જાતના વાંધા-તકરાર હોય તો નીચેના સરનામે આધાર પુરાવા સાથે જાણ કરવી. અન્યથા તેવું કંઈ નથી અને હશે તો જતા યાને વેઈવ કરેલ છે, તેમ માની અમારા અસીલ તેના નામે અથવા તેને યોગ્ય લાગે તેના નામે ચડાવવા પાકો રજી. વેંચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી કરશે અને ત્યારબાદ, કોઈના વાંધા-તકરાર કે અન્ય રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં. તેમજ અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની સર્વે જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

જામનગર
તા.૦૬-૦૩-૨૦૨૬
વિશાલ એમ. માલદે - એડવોકેટ
તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
હસમુખ ઈ. હિંડોચા - એડવોકેટ
ઓફિસ: બ્લોક નં.૭/૩૭, ગ્રાઉન્ડ ફ્લોર, લાખોટા મિગ કોલોની, મેઈન રોડ, એસ.ટી. ડેપો પાસે, જામનગર

સલાયા નગરપાલિકા
મેઈન બજાર, સલાયા - ૩૬૧ ૩૧૦
ફોન નં.૯૭૨૪૯ ૬૭૦૯૦

:: જાહેર નિવિદા ::

જા.નં.સનપા/૨૦૨૬/૪૧૫ — તા :૦૫.૦૩.૨૦૨૬.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, સરકારશ્રી દ્વારા સ્થાનિક કારીગરો, સખી મંડળની બહેનો, લોકલ ઉત્પાદકો, કલા સર્જકો, નાના ઉદ્યોગો વગેરેને પ્રોત્સાહન મળે તે માટે "હર ઘર સ્વદેશી" "ઘર ઘર સ્વદેશી" અભિયાનને પુરૂં કરી શકાય તે માટે સ્વદેશી મેળાના આયોજન માટે જરૂરીયાત મુજબના ફર્નિચર તેમજ સ્ટોલ બનાવવા તથા તેને અનુરૂપ્ત ચીજ વસ્તુઓના ભાવ રાખ ધરાવતી એજન્સીઓ સેલ બંધ કવરમાં મોકલવા તથા સલાયા શહેરમાં સલાયા નગરપાલિકા દ્વારા તા : ૦૯.૦૩.૨૦૨૬ થી તા : ૧૫.૦૩.૨૦૨૬ દરમ્યાન સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વ્યવસાય કરવા માટે નગરપાલિકા દ્વારા મર્યાદિત નિઃશુલ્ક સ્ટોલ આપવાના થતા હોય જે વેપારી / વિક્રેતા સ્ટોલ નિઃશુલ્ક મેળવવા ઇચ્છતા હોય, પહેલા તે પહેલાના ધોરણે ચીફ ઓફીસરશ્રી, સલાયા નગરપાલ